**સરકારી કુમાર છાત્રાલય, વાંકલ, જિ.સુરતના કેમ્પસમાં વધારાનું મકાન બાંધકામ કરવા અંગેની બાબતને સને ૨૦૨૧-૨૨ના સુધારેલ અંદાજમાં વહીવટી મંજૂરી આપવા બાબત.**

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક:છતલ/૧૫૨૦૨૧/ન.બા.૨૨/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૯/૦૭/૨૦૨૨

**વંચાણે લીધા:-**

(૧) નિયામકશ્રી (આ.વિ)ની કચેરીનો તા.૦૨/૧૨/૨૦૨૧નો પત્ર નં.આવિ/છતલ/૦૨/ ફા.નં.૨૩૯૧/૨૦૨૦-૨૧/૧૪૦૨ થી ૧૪૦૩

(૨) આદિજાતિ વિકાસ વિભાગની બજેટ શાખાનો તા.૨૩/૦૨/૨૦૨૨ નો પત્ર ક્રમાંક:બીયુડી/ ૧૦૨૦૨૨/૧૦૩/છ

**આમુખ:-**

અનુસૂચિત જનજાતિના મોટાભાગના લોકો ઉંડાણવાળા જંગલ વિસ્તારમાં રહેતા હોય છે તેમની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાના કારણે સારૂ શિક્ષણ મેળવી શકતા નથી. અનુસૂચિત જનજાતિના આવા જરૂરિયાતવાળા બાળકોને રહેવાની અને જમવાની વ્યવસ્થા મળી રહે તે માટે સરકારી છાત્રાલયો શરૂ કરેલ છે. આ છાત્રાલયો પૈકી સરકારી કન્યા છાત્રાલય, વાંકલ, જિ.સુરત ખાતે છાત્રાલય બાંધકામ કરવા માટે નિયામકશ્રી(આ.વિ.)દ્વારા કુલ અંદાજીત ખર્ચ રૂ. ૨૦૬૬.૭૪ લાખના અંદાજો સામે પ્રથમ વર્ષે પ્રથમ વર્ષે ૩૩.૩૩% પ્રમાણે જોગવાઈ થવા રૂ.૬૮૮.૮૪ લાખની નવી બાબતની જોગવાઈ માંગણી નં.૯૬ ટીએએસપી સદર હેઠળ આગામી વર્ષ ૨૦૨૨-૨૩માં સમાવેશ કરવા વંચાણે લીધા (૧) સામેના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેની વહીવટી મંજૂરીની બાબત વિચારણા હેઠળ હતી.

જે પરત્વે વંચાણે લીધા (૨) સામેના બજેટ શાખાના પત્ર અનુસાર, તા.૨૮/૦૧/૨૦૨૨ના રોજ માન.મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષ સ્થાને બેઠકમાં થયેલ ચર્ચા મુજબ બાંધકામના કામોને વિભાગના સને ૨૦૨૧-૨૨ના અંદાજપત્રમાં થનાર બચતમાં સમાવેશ કરી મંજૂરી લેવા નિર્ણય કરેલ હતો. જે મુજબ સદરહુ સરકારી કન્યા છાત્રાલય, વાંકલ, જિ.સુરત ખાતે છાત્રાલયના બાંધકામના કામને વિભાગના સને ૨૦૨૧-૨૨ના સુધારેલા અંદાજોની સિલીંગમાં સમાવેશ કરવા આવેલ છે

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે સરકારી કુમાર છાત્રાલય, વાંકલ, જિ.સુરતના કેમ્પસમાં વધારાનું મકાન બાંધકામ કરવા માટેના કુલ અંદાજીત ખર્ચ રૂ.૨૦૬૬.૭૪ લાખના અંદાજો સામે ૩૩.૩૩% લેખે રૂ.૬૮૮.૮૪ લાખ (અંકે રૂપિયા છ કરોડ અઠ્યાસી લાખ ચોર્યાસી હજાર પૂરા) ની માંગણી ક્રમાંક: ૯૬ હેઠળ સને ૨૦૨૧-૨૨ના સુધારેલ અંદાજપત્રમાં નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:-**

(૧) સદરહુ બાબતે આ વિભાગના તા.૧૩/૦૭/૨૦૨૨ ના પત્ર ક્ર : અનશ/૨૦૨૦૨૨/૨૨૧/ગ થી મંજૂર કરવામાં આવેલ ટાઇપ ડીઝાઈન (Type Design) મુજબ Unit Cost સક્ષમ કક્ષાએ મંજૂર કરાવીને તે પ્રમાણે જ ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવાની રહેશે.

(૨) યુનિટ કોસ્ટની રકમ વહીવટી મંજૂરી આપવા માટેની છે. પરંતુ ટેન્ડર અંદાજિત રકમ કરતાં નીચું આવે તો નાણાકીય ફાળવણી વર્ક ઓર્ડર મુજબ જ કરવાની રહેશે. વર્ક ઓર્ડરની રકમથી વધુની રકમ અથવા વર્ક ઓર્ડરમાં સામેલ કરેલ કોમ્પોનન્ટ સિવાયની વધુ બાબતો લેવાથી વધુ રકમની અમલીકરણ એજન્સી( માર્ગ અને મકાન વિભાગ) ને જરૂર જણાય તો નિયામકશ્રી (આ.વિ) દ્વારા અત્રે દરખાસ્ત કરી મંજૂરી મેળવી લેવાની રહેશે અને મંજૂરી લીધા બાદ નિયામકશ્રી (આ.વિ) વધારાની નાણાકીય ફાળવણી કરી શકશે.

(૩) વર્ક ઓર્ડરની રકમ પણ નિયામકશ્રી(આ.વિ.) દ્વારા બે તબક્કામાં અમલીકરણ એજન્સી(માર્ગ અને મકાન વિભાગ)ને કામની પ્રગતિના આધારે ફાળવણી કરવાની રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ-૨૦૨૧-૨૨ની સુધારેલ અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૫) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૬) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૭) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૮) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૯) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે પ્રવર્તમાન S.O.R. મુજબ નકશા-અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

(૧૧) બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૧૨) આ કામની ડીઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાના અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૩) બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજૂરીથી જો કોઇ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.

(૧૪) સૂચિત કામો પૈકી જે કામો MNREGA હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ MNREGA યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની વિભાગે તકેદારી રાખવાની રહેશે.

(૧૫) આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાના રહેશે.

(૧૬) રેલ્વે, વન, અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવા જરૂરી

ક્લીયરન્સ મેળવવામાં જો વિલંબ થવાનું જણાય તો વર્કઓર્ડર પહેલાં જરૂરી ચોકસાઈ કરી લેવાની રહેશે.

(૧૭) મંજૂર થયેલા અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.

(૧૮) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૯) આ યોજના અંગે કોઈ ખરીદી કરવાની થતી હોય તેવા કિસ્સામાં ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૩/૦૨/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક:એસપીઓ-૧૦૨૦૧૫-૬૯૧૦૯૩-ચ થી સૂચવવામાં આવેલ કાર્યપધ્ધતિ અને કાર્યપ્રણાલિકાને અનુસરીને ઈ-માર્કેટપ્લેસ(જી.ઈ.એમ.) પોર્ટલ પરથી કરવાની રહેશે.

(૨૦) સરકારી ખર્ચમાં કરકસર અંગેના નાણા વિભાગના તા.૨૨/૦૬/૯૪ ના પરિપત્ર ક્રમાંક:ખરચ-૧૦૯૪-૨૬૦-ઝ૧, તા.૨૦/૦૫/૯૬ ના ઠરાવ ક્રમાંક:ખરચ-૧૦૯૬-ઓ-૬૪૫-ઝ૧, તા.૯/૯/૯૮ ના ઠરાવ ક્રમાંક:ખરચ-૧૦૯૮-૭૦૪-(૫૮) ઝ૧ તથા તા.૧૪/૦૮/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક:ખરચ-૧૦૨૦૧૦-૧૧૮-ઝ૧ અનુસારની તેમજ વખતો વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨૧) કરકસરયુક્ત ખર્ચ કરવા અને પોતાની અંદાજપત્રીય મર્યાદામાં પર્યાપ્ત જોગવાઈ સુનિશ્ચિત કરવાની રહેશે

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૯૬, મુખ્ય સદર: ૪૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગોનું કલ્યાણ અંગેની મૂડી ખર્ચ જોગવાઈ, પેટા મુખ્ય સદર: ૦૨- અનુસૂચીત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૭૯૬ આ.વિ.પે.યો, પેટા સદર: ૦૧-VKY-૫૭ કુમારો અને કન્યાઓ માટે સરકારી છાત્રાલયોના બાંધકામ હેઠળ થયેલ જોગવાઈમાંથી મેળવવાનું તેમજ ઉધારવાનું રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૨૮/૦૩/૨૦૨૨ની નોંધ તેમજ આ વિભાગની ફા.ક્ર: છતલ/૧૫૨૦૨૧/ન.બા.૧/ગ ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૦૮/૦૭/૨૦૨૨ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(પી.એમ.પટેલ)**
**ઉપ સચિવ**
**આદિજાતિ વિકાસ વિભાગ**

**નકલ રવાના:**

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી(આ.વિ.), કમિશનર (આ.વિ)ની કચેરી, બિરસામુંડા ભવન, ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.
- મુખ્ય સ્થપતિ અધિકારીશ્રી (માર્ગ અને મકાન), માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી (આ.વિ.વિ), સચિવાલય, ગાંધીનગર.

- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી. (નિયામકશ્રી (આ.વિ)મારફત)
- સર્વે મદદનીશ કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, તમામ જિલ્લાઓ (નિયામકશ્રી (આ.વિ)મારફત)
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (ગ્રાન્ટની ફાળવણી બાબતે આ ઠરાવમાં સૂચવ્યા મુજબની જરૂરી કાર્યવાહી માટે)
- સિસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ,સચિવાલય,આ.વિ.વિ ની વેબસાઈટ પર મુકવા વિનંતી સહ
- શાખા સિલેકટ ફાઈલ-૨૦૨૨

F:\swaraj Work\New Item_2022-23\KD\CTL.152021.N.BA.22.G Govt boys hostel vankal surat building.docx